# COVIDSafe એપ મેળવો અને તેમાં નોંધણી કરાવો.



1. **Apple App Store** અથવા **Google Play Store** માંથી COVIDSafe એપ મેળવો અને તેમાં નોંધણી કરાવો.




2. એકવાર મેળવ્યા પછી, એપ ખોલીને આપણે ફેલાવાને કેવી રીતે રોકી શકીએ છીએ, તે વિષે વાંચો અને પછી ‘I want to help’ (હું મદદ કરવા માંગુ છું)ની પસંદગી કરો.

I want to help

COVIDSafe કેવી રીતે કામ કરે છે તે વિષેની માહિતી વાંચો, પછી ‘Next’ (આગળ) પસંદ કરો

Next

COVIDSafe એપ કેવી રીતે કામ કરે છે તે અંગેની અનુવાદિત માહિતી માટે **www.health.gov.au/COVIDSafe-language**ની મુલાકાત લો.




3. નોંધણી અને ગોપનીયતા અંગેની માહિતી વાંચો પછી ‘Continue’ (ચાલુ રાખો) પસંદ કરો

Continue

અનુવાદિત ગોપનીયતા નીતિ, તમે **www.health.gov.au/covidsafe-privacy** પર વાંચી શકો છો.



**4.** તમારી માહિતી એકઠી કરવા દેવા તમારે, તમારી સંમતિ આપવી જરૂરી છે. કૃપા કરી, નીચેનું નોંધણીનું સંમતિ વિધાન વાંચશો.

હું ઓસ્ટ્રેલિયાના આરોગ્ય ખાતાને, નીચેની માહિતીઓ એકઠી કરવાની સંમતિ આપું છું:

- રાજ્ય અને પ્રદેશના આરોગ્ય અધિકારીઓ, સંપર્કમાં આવેલાઓને શોધી શકે તે માટે, મારી નોંધણીની માહિતી.
- તેઓની COVID-19ની પરિક્ષણમાં હકારાત્મક પુષ્ટિ થયા બાદ, જે તે COVIDSafe ઉપયોગકર્તાઓ પાસેથી મારી સંપર્કની માહિતી.

જો તમે તમારી નોંધણી અને સંપર્કની માહિતી એકઠી કરવા દેવા માટે સંમત હો, તો 'I agree' (હું સંમત છું) I agree પસંદ કરો




**5.** નોંધણી માટે નીચેની માહિતી આપો:

- **તમારું નામ** (તે એક ઉપનામ પણ હોય શકે છે)
- **તમારી વય શ્રેણી**
- **તમારો પોસ્ટકોડ**

જો તમે કોરોનાવાયરસના સંપર્કમાં આવ્યા હશો, તો તમારી સંમતિ થકી, રાજ્ય અને પ્રદેશના આરોગ્ય અધિકારીઓ, તમારો સંપર્ક કરવા તમારી નોંધણીની માહિતીનો ઉપયોગ કરશે.

એકવાર તમે તમારી નોંધણીની માહિતી આપી દીધી પછી 'Continue' (ચાલુ રાખો) પસંદ કરો

Continue




**6.** **તમારો મોબાઇલ નંબર** દાખલ કર્યા પછી, તમારા નંબરની પુષ્ટિ કરવા માટે 'Get PIN' (પિન મેળવો) Get PIN પસંદ કરો.

તમારો સંપર્ક કરવા એક આરોગ્ય અધિકારી તમારા મોબાઇલ નંબરનો ઉપયોગ કરશે, જો:

- તમારું પરિક્ષણ હકારાત્મક આવે, તો તમારી માહિતી અપલોડ કરવાનું તમને કહેવા
- અન્ય COVIDSafe ઉપયોગકર્તાનું પરિક્ષણ હકારાત્મક આવે, કે જેના નિકટના સંપર્કમાં તમે આવ્યા હોવાનું જણાયું હોય, તો શું કરવું તે અંગે તમને સલાહ આપવા.

જો તમે કોઇ મિત્ર કે કુટુંબીને એપ મેળવવામાં મદદ કરી રહ્યા હોય, તો તમારે તેમના ફોનમાં એપ મેળવવી પડશે અને એપમાં તેમનો નંબર દાખલ કરવાનો રહેશે.




**7.** ત્યારબાદ તમે, ૬ – અંકવાળી પિન ધરાવતો એક લેખિત સંદેશો મેળવશો.

**તે ૬-અંકની પિન દાખલ કરો,** ત્યાર બાદ 'Verify' (પુષ્ટિ કરો) Verify પસંદ કરો

જો તમને પિન ના મળે, તો 'Resend PIN' (પિન ફરીથી મોકલો) પસંદ કરો Resend PIN

જો મોબાઇલ નંબર સાચો ન હોય તો, 'Is this mobile number wrong?' (શું આ મોબાઇલ નંબર ખોટો છે?) પસંદ કરો Is this mobile number wrong?






**8.** **બ્લુટુથ અને સૂચનાઓને સક્રિય કરવા** 'Proceed' (આગળ વધો) Proceed પસંદ કરો. જો તમે સૂચનો સક્રિય કરવાનું પસંદ કરશો તો, જો COVIDSafe સક્રિય નહિ હોય તો તમને સૂચના મળશે.

એકવાર તમે સફળતાપૂર્વક નોંધણી કરાવી લો, પછી 'Continue' (ચાલુ રાખો) Continue પસંદ કરો.

**એન્ડ્રોઇડ માટે**, તમને બેટરી ઓપ્ટીમાઇઝેશન (બેટરીને ઉત્તમ સ્થિતિમાં રાખવાના વિકલ્પ)ને નિષ્ક્રિય કરવાનું  કહેવામાં આવશે. તમે તમારા ઉપકરણનું નામ બદલી શકો છો.







**9.** એકવાર તમે નોંધણી કરાવી દઇને સંમતિ આપી દીધી, પછી COVIDSafe એપને સક્રિય રાખો. જો તમને, તમારા એપ સ્કીન પર 'COVIDSafe is active' (COVIDSafe સક્રિય છે) COVIDSafe is active એવું દેખાય તો, તે આની પુષ્ટિ કરે છે.




**10.** જ્યારે સક્રિય હોય ત્યારે, COVIDSafe તમે જેની નજીકમાં રહ્યા હોય, તેવા અન્ય COVIDSafe ઉપયોગકર્તાઓની સુરક્ષિત નોંધ રાખે છે. જો તમારું પરિક્ષણ હકારાત્મક આવે, તો તમારી સંમતિથી, આરોગ્ય અધિકારીઓ આ માહિતીનો ઉપયોગ લોકોનો સંપર્ક કરવામાં કરી શકે છે.

આ માહિતી તમારા ફોનમાં ૨૧ દિવસ રહે છે અને તમારી સંમતિ વિના તે મેળવી શકાતી નથી.

## જો તમારું પરિક્ષણ હકારાત્મક આવે તો સ્વૈચ્છિક રીતે તમારી માહિતી અપલોડ કરવી

**11.** જો તમારું પરિક્ષણ હકારાત્મક આવશે તો, તમારા રાજ્ય અથવા પ્રદેશના એક આરોગ્ય અધિકારી, COVIDSafe એપ દ્વારા એકઠી કરવામાં આવેલી માહિતી મેળવવા, તમારી સંમતિ માંગવા માટે તમારો સંપર્ક કરશે.

એપમાંથી ‘Has a health official contacted you?’ (શું કોઇ આરોગ્ય અધિકારીએ તમારો સંપર્ક કર્યો છે)

Has a health official contacted you? પસંદ કરો.




એક આરોગ્ય અધિકારીએ તમને તમારી માહિતી અપલોડ કરવાનું કહ્યું છે, તેની પુષ્ટિ ‘Yes’ (હા) પસંદ કરીને કરશો.

Yes

જો આરોગ્ય અધિકારીએ તમારો સંપર્ક ના કર્યો હોય તો, ‘No’ (ના) No પસંદ કરો.

તમારી માહિતી અપલોડ થવા દેવા તમારે સંમતિ આપવી જરૂરી છે. તમારી સંમતિ વગર, તમારા નજીકના સંપર્કમાં આવેલાઓની માહિતી અપલોડ કરવામાં આવશે નહિં. જો તમે સંમતિ આપશો તો, તમારી નજીકના સંપર્કમાં આવેલાઓની માહિતી અપલોડ કરવામાં આવશે અને વાયરસના સંપર્કમાં આવ્યા હોવાની શક્યતાવાળા લોકોનો સંપર્ક કરવા માટે રાજ્ય અથવા પ્રદેશના અધિકારીઓને તે આપવામાં આવશે.

વધુ વિગતો માટે તમે, COVIDSafe ગોપનીયતા નીતિ **www.health.gov.au/covidsafe-privacy** પર વાંચી શકો છો.

જો તમે તમારી માહિતી સ્વેચ્છાએ અપલોડ કરવા સંમતિ આપતા હો તો,

‘I agree’ (હું સંમત છું) વાળું ખાનું ટીક કરો. I agree. ત્યાર પછી ‘Continue’ (ચાલુ રાખો) પસંદ કરો Continue

**12.** તમારી માહિતી અપલોડ કરવા માટે, જે તે આરોગ્ય અધિકારી એક પિન મોકલશે. પિન દાખલ કરો, પછી ‘Upload my information’ (મારી માહિતી અપલોડ કરો)

Upload my information પસંદ કરો




પ્રક્રિયા પૂર્ણ કરવા માટે ‘Continue’ (ચાલુ રાખો) Continue પસંદ કરો. એકવાર તમે પ્રક્રિયા પૂર્ણ કરો એટલે માહિતીનો સંગ્રહ, અત્યંત સુરક્ષિત સંગ્રહ પ્રણાલીમાં થાય છે.

તમારા રાજ્ય અથવા પ્રદેશના આરોગ્ય અધિકારી, એપમાંની માહિતીનો ઉપયોગ, તમે જેના નજીકના સંપર્કમાં – ૧૫ મીનીટ કે તેથી વધુ સમય માટે ૧.૫ મીટર સુધીના અંતરે, આવ્યા હતા તેમને શોધવા માટે કરે છે.

આના થકી આરોગ્ય અધિકારીઓને, તમે જેમની નજીક હતા અને જેઓ વાયરસના સંપર્કમાં આવ્યા હોવાની શક્યતા હોય, તેવા લોકોને ઝડપથી સૂચિત કરવામાં મદદ મળશે.

**13.** જો તમે, કોરોનાવાયરસ ધરાવતા અન્ય COVIDSafe એપ ઉપયોગકર્તાના નજીકના સંપર્કમાં આવ્યા હોવાનું જણાશે, તો પણ આરોગ્ય અધિકારી તમારો સંપર્ક કરી શકે છે. આ કિસ્સામાં, તે આરોગ્ય અધિકારી, તમારે વાયરસ માટે પરિક્ષણ કરાવવાની જરૂર છે, તેવી સલાહ આપી શકે.

**14.** તમે ગમે ત્યારે તમારા ફોનમાંથી COVIDSafe એપ ભૂંસી નાંખી શકો છો. આમ કરવાથી, તમારા ફોનમાં રહેલ COVIDSafe એપમાંની બધી જ માહિતી નાશ પામશે. સુરક્ષિત માહિતી સંગ્રહ પ્રણાલીમાં રહેલ માહિતી તરત નાશ પામશે નહિં. જ્યારે આરોગ્ય મંત્રી મહામારી પૂર્ણ થયાની જાહેરાત કરશે, ત્યારે તેનો નાશ કરવામાં આવશે. જો તમારે સંગ્રહ પ્રણાલીમાંની તમારી માહિતી વહેલી નાશ કરાવવી હોય તો તમે, **https://covidsafe-form.service.gov.au/** પર રહેલું અમારું COVIDSafe ડેટા ડીલીશન (માહિતીનો નાશ કરાવવો) ફારમ ભરી શકો છો.

**15.** તમારી માહિતી અને ગોપનીયતા, કાયદા હેઠળ ચુસ્ત રીતે સુરક્ષિત છે. તમારી ભાષામાં ગોપનીયતા નીતિ **www.health.gov.au/covidsafe-privacy** પર વાંચશો.

બીજી માહિતી અને મદદ માટે, ૧૮૦૦ ૦૨૦ ૦૮૦ પર ફોન કરશો.